Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अथश्री धूर्ताख्यान प्रारभ्यते.

श्री माळवा देशमां उज्जेणीनामनी नगरीनी उत्तर
शाए एक उद्यानछे तेमां केटलाएक धूर्त माहा
ायावी, न करवा योग्य कामने करवावाला, सदा
राव उत्पनना करनारा, महा निर्दय, स्त्री बाल वृद्ध
था विस्वासीनी घात करवावाला, बोलवामां अति
र, धूप, अंजन तथा चूर्णनां योगे अवस्वापिनी
भनी प्रमुख विद्याना बलथी स्वरभेद, विषभेद,
ा वर्णभेदे करीने जगतनें छेतरवा वाला एवा
ोशो धुर्त एकठा मलीने फरता फरताआवीने
. तेओना सरदारो मुलदेव कंडरीक
षाढ शंश तथा खंडवणा नामना पांच
यहताते एकेकनो परिवार पांचशे पांचशे धूर्तनो
. तेओमां पांचमो सरदार स्त्री हती तेने
े स्त्री धूर्तनो परिवार हतो. एवी रीते
मलीने अढीहजार धूर्त त्यां एकठाथया
मांनो मुलदेव पहेलो सरदार सर्वलोकने

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जाणी तो तथा सर्व धुर्तोनो शिरोमणि ह
अने बीजा तेनाथी उतरती पदवीना हता ते
बधा त्यां वशी रह्या छे एटलामां दैवयोगे मो
वर्षाद आव्यो तेथी कूवा, तलाव, तथा वा
वगेरे सर्व जलस्थानक भराई गयां. पृथ्वी उप
कीचड घणी थयाथी रस्तामां चलाई शका
नही, एवुं थयुं. वर्षाद घणो पडयो तेथी को
लोक रस्तामां फरी शके नही अने कोई कां
क्रियापण करी शके नहीं तेने लीधे ते वष
समयमां ते धूतारा लोको भूख तथा तरश
पीडाया छतां पोत पोतामां कहेवा लाग्या
कोई माणस घरथी बाहेर नीकलतो नथी. जे
ठगीने धन लावी निर्वाह चलावीए आ
आपणने खावानेकोण देशे ? त्यारे मुलदेव
सर्व धूर्तोमां मुख्य हतो ते कहेवा लाग्य
जेणेजे सांभल्युंहोय, तथा अनुभव कर्यो हो
वगेरे जेवी जेने खबर होय ते सहु पोत पोत
जाणेली वात कही संभलावो, ते सांभ
तेने खोटुं कहेशे अथवा ए केम मनाय
संशय कहाडशे तेना उपर आ सर्व धूर्तोनो खाव

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



च लागु पडशे नेतेणें सर्वेने खावाने आपवुं अने जे रत रामायणादिक इतिहासो तथा भागवतादिक ाणोना वचने करी कहेली वात खरी ठेरावी आपशे ने आ सर्व माहजन साथने आश्चर्य उपजावे एवी तोथी रंजन करशे ते बधा धूर्तमां मुख्य तथा महा द्धिमान गणाशे छतां ते सर्वने भोजन देवाना ारचमांथी छूटशे.

एवुं सांभळीने तेने बीजो कंडरीकनामा धूर्त कहेवा ागयो के तमे घणुं सारूं कह्युं अने तमे सर्वथी मोटा ो माटे प्रथम तमेज जे सांभल्युं अनुभव्युं होय ते ही संभळावो त्यारे मुलदेव बोल्यो.

प्रश्न०मूलदेव–मारी यौवन अवस्थाना समये छितपदार्थनी अभिलाषाथी माथाउपर जलधारा हन करतो थको मारा स्वामीने प्रसन्न करवा सारु पदा मेलववानी इच्छा करीने साथे भातुं लईने हाथमां छत्र बीजा हाथमां कमंडलु वगेरे साह्य ...ीने हुं रस्तामां चाल्योने मार्गमां एक पर्वत ा मोटो मदोन्मत्त वनगज (जंगली हाथी) मारी मे आवतो में दीठो त्यारे हुं भयथी कंपायमान

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थयो थको आ शरीरने शाने आधारे राखुं, कं शरण लेउं तथा कइ जगामां प्रवेश करुं एवी चिंतव करी मरणना भयवडे कांई विचार न करतां हुं मंडळमांहे पेठो ते जोइने ते हाथी पण मारी पाछ दोडीने पोतानो शुंडादंड ऊंचो करी लाल चोळ ने करी मारी पाछल ते कमंडलमां पेठो त्यारे हुं मह भयने पामीने खूणे त्यांचेथी नाशी जवानी जगा जं तो ते हाथीने छ महिनासुधी भमावीने ते कमंडलनी ग्रीवामांथी बाहेर नीकल्यो. मारी पाछल ते हाथी पण नीकल्यो ते वखते ते कमंडलनी ग्रीवाना छिद्रमां हाथीना एक वालना अग्रभागनो अं वळगी रह्यो तेथी ते हाथी त्यां रोकाई रह्यं अने मारी पाछल आवी शक्यो नहीं त्यारे हुं निर्भय थईने आगल चाल्यो. केटलुं चाल्या पछी रस्तामां ऊंडा पाणीथी भरे गंगा नामनी नदी आवी तेने जोइने हुं व्याकु लथयो. जवानो रस्तो ते शिवाय कोइ बीजो नहन तेथी ते नदीने हाथवती तरीने मारा स्वामीने घर यो त्यां छ महिना सुख तथा तरषा वेठिने तथा म उपर जळधारा सहन करीने स्वामीनी वंदना करी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ना मागीने आ उजेणी नगरीनी पासे तमने आवी मल्यो ए वात जो साची होय तो द्रष्टांते करीने तेनी मने खातरी करी आपो एने जो असत्य जाणीने मानो नहीं तो आ सर्व धूर्तने खावाने आपो. एवुं मुलदेवनु कहेवुं सांभळीने कंडरीक नामनो बीजो धूर्तो नो सरदार बोल्यो के जे भारत रामायणादिक ग्रंथोने जाणतो होय तो ते तारा वचनने असत्य केम कहे.

प्रश्न० मूलदेव–ए तमे सिद्ध करी आपो, जे हाथी कंमडलमां केम मायो ने छ महिना सुधी तेमां भोलवायो केम तेमज ते कमंडलनी चापडीना सुक्षम छिद्रमांथी हुं अने हाथी बाहेर केम नीकल्या तथा हाथी बाहेर नीकलतां तेनां वालनो अग्रभागनो अंत तेमां अटकी केम रह्यो अने हुं गंगानदीने हाथथी तरीने बीजे कांठे केम उतर्यो त्यार पछी छ महीना भूख तरशने सहीने माथा उपर जलनी धारा केम धारण करी ए सर्व वात शास्त्रनी शाखथी मेलवी आपो.

उत्तर० कंडरीक--- हे मूलदेव, सांभळो, भारत रामायणादिक जे ग्रंथो सांभळियें छैयें ते जो साचा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हशे तो तमारुं बोलवुं पण साचुं छे. हाथी कमंडलमां केम मायो ईत्यादिक जे तमे पूछयुं तेनुं समाधानशांभलो ब्रह्माना मुखथी ब्राह्मण नीकल्या, भुजाओथी क्षत्रिय नीकल्या, झांगथी वैश्य नीकल्या अने पगथी शूद्र निकल्या. ए चार वर्ण आखा जगतमां छे, तेनी गणना करतां अंत आवे नहीं, ते सर्व लोक ब्रह्माना शरीरमां समाया तो तमे अने हाथी ए बे कमंडलमां समाया तेमां श्यो संशय छे,

तथा जे ईश्वरना लिंगनो अंत लेवासारुं तेने मापवा देवताना हजार वर्ष सुधी ब्रह्मा ऊंचो चाल्यो अने विष्णु नीचो चाल्यो तो पण ते लिंगनो अंत आव्यो नहीं. ते पार्वतीना शरीरमां केम समायो? तेमज कमंडलमां हाथी समायो एमां कयो दोष छे.?

वली भारतमां व्यास ऋषिए कह्युं छे के वंशनी गांठमांथी कीचक नामना सो भाइओ उत्पन्न थया छे, कीचक ए नाम उपरथीज ए जणाई आवेछे के वांसने कीचक कहेछे तेमांथी उत्पन्न थया तेथी कीचक एवुंनाम पड्युं तेनी कथा आवी रीतेछे ते सांभळ. विराट राजानी अग्रमहीषिए पुत्रनी वांछनाए ए

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ऋषिनां आश्रममां जइने तेनी आराधना करी. ऋषिए तेनी ऊपर कृपा करी तेने एक चरु मंत्रिने आप्युं ने कह्युं के वनमां जइने झाडीनी घटामां बेशीने ए चरुनुं भक्षण करजे तेथी तने सो पुत्र थशे त्यारे तेणे वांशनी झाडीमां बेशीने ते चरूनुं भक्षण करीने पोताने घेर गई एवा समयमां ते वंशजालमां एक घणा कालनो तप करनारो गांगिल नामनो ऋषि हतो, तेणे नदीने कीनारे एक अपछराने नग्न स्नान करतां दीठी तेने जोइने मुनी क्षोभने पाम्यो तेथी तेना शरीरमांथी एक वीर्यनो बिंदु गळीने नीचे पडयो, ते दैवयोगे वंशनी नालमां पड्यो तेना प्रभावथी नवहजार गजना प्रमाणनो बलवंत एवो कीचक नामनो पुत्र प्रगट थयो अने जेम जेम ऋषि देवांगनाने जोवा लाग्यो तेम तेम वीर्यना बिंदुओ वांशनी नळीमां पडवा लाग्यां तेथी बीजा नवाणुं पुत्र पेदा थया. पछी ते ऋषि शत वीर्य बिंदुसहित वांशनी नळी त्यां मुकी दईने जतो रह्यो ए वातनी विराट राजाने खबर पडतां तेणे ते नळी रखावी लीधी तेमांथी सर्वांगो पांग सहित सो पुत्र नीकल्या तेओने विराटराजानी स्त्रीए पोताना पुत्र मानी लीधा तेमाटे तेना पुत्र वंशमांथी उत्पन्न थएला कहेवाय छे एऊपर-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थी जुवो के ए सो भाइओ कीचक वांसनी नळीमां केम रह्या तेमज कमंडळमां हाथी सहित तुं समाइ गयो. ३

तथा एक बीजुं उदाहरण कहुंछुं ते शांभळो, जे ईश्वरें हजार वर्षसुधी जटामां गंगाजीने राखी ते वात साची होय तो छ महिना सुधी कमंडलमां तुं तथा हाथी रह्या एमां नवाइ शानी. ईश्वर हजार वर्ष सुधी गंगाजीने जटामां भुलावी ए साचुं होय तो छ महिना सुधी कमंडलमां तें हाथीने भुलाव्यो ते असत्य केम कहेवाय.

प्रश्न०मुलदेव—कमंडलनी ग्रीवाथकी हुं केम नीसर्यो अने हाथी वालाग्रने अंते केम अटकी रह्यो ?

उ० कंडरीक--ए तारुं संशय दूर करवा माटे एक पुराणनुं वाक्य शांभळ. आकाशभूमी मारुत अग्नी जल त्रस थावर मनुष्य देवता तिर्यंच वगेरे प्रपंचना अभावे महाप्रलय कालें जगतनो कर्ता विष्णु जलासने बेशीने तप करे छे तेनी नाभिकमलमां रहेलो ब्रह्मा कमंदल तथा दंड हाथमां लइने बाहेर नीकल्यो त्यारे कमल विष्णुनी नाभीमां वळगी रह्युं. हवे जुवे

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



के ब्रह्माजी विष्णुनी नाभिथी बाहेर नीकल्यो ने कमल अटकी रह्यो ए साचुं होय तो तुं कमंडलनी ग्रीवाथी बाहेर नीकल्यो छतां हाथीना वालाग्रनो अंत अटकी रह्यो एमां शुं अयुक्त छे.

प्रश्न० मूलदेव– हुं कमंडलनी ग्रीवा द्वारें बाहेर केम नीकल्यो ?

उत्तर कंडरीक— ते ऊपर एक भारतनु वचन कहुं छुं. कोइ एक समये ब्रह्माने तपस्या करतां दिव्य सहस्र वर्ष थइ गयां एवुं देवताओ जाणीने क्षोभने पाम्या थका विचार करवा लाग्या के हवे एने विघ्न करवो जोइए त्यारे इंद्र कहेवा लाग्या के पुर्वे महादेवें अग्नि कर्म करतां ऊर्ध्वास्थित वस्त्रा पार्वती दीठी ते वेला शिवने क्षोभ थयुं अने मदनना वेगथी वीर्य स्खलित थयुं तेथी वस्त्रादिक मलिन थयां ते खंखेरतां पासे एक कलशो पडयो हतो तेमां वीयर्नां बिंदुं पडयां तेथी द्रोणाचार्य उत्पन्न थयां एवी रीते इश्वर पण स्त्रीने जोइने क्षोभने पाम्या तो बीजानु शुं कहेवुं. एक श्रीवीतराग देवाधिदेव त्रै-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोक पूजित श्री महावीर विना सकल लोकने स्त्रीए वश कर्या छे. गौतम वसिष्ठ पराशर जमदग्नि कस्य प अगस्ति प्रमुख महा ऋषिओ अमराधिप हरि हरादिक सर्व महा पुरुषोने स्त्रीओए दास कर्या ते माटे स्वर्गनी वेश्या तिलोत्तमाने इंद्रें कह्युंके ब्रह्माने तपथी मुकावे एवुं इंद्रनु वचन शांभळीने तिलोत्तमा वेश्या अदभुत वेष धारण करी शृंगार सजीने ब्रह्मानी आगल गइ त्यां पोताना पीनस्तन युगल ऊचां करीने नाभिभाग देखाडती हातना चाला करती जंधा उरस्थल नितंबने हलावती नाचवा लागी तेने जोइने ब्रह्मा एकेंद्रियनी परें सकलेंद्रिय व्यापार रहित थयो छतां तेनी सांमे नेत्रोनी दृष्टि मलावीने अवलोकन करवा लाग्यो त्यारे ब्रह्मानुं मन विकारने पाम्युं जाणीने तिलोत्तमा दक्षिणदिशा तरफ फरि गई ते जोईने ब्रह्माए ते तरफ बीजुं मूख कर्युं त्यारे तिलोत्तमा पश्चिम तरफ फरी गई ते समये ब्रह्माए पश्चिमे मुख कर्युं तेमज उत्तर दिशा तरफ चोथुं मुख करयुं त्यारे तिलोत्तमा उपर उची गई ते जोईने ब्रह्माए पण उत्तर तरफ पांचमुं मुख करयुं ते वखते ब्रह्मानुं मन कामने वश थई गयुं एम

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जाणीने ईश्वरें ब्रह्मानु पांचमुं मुख पोताना नखो-
वती उखेडी नाख्युं तेथी ब्रह्मा कोपथी आंधलो थ-
यो थको पोताना डाबा हाथनी तरजनी आंगली वडे
पोताना कपाल उपर क्रोधना आवेशथी पशीनो आ-
व्यो हतो ते लुछीने पृथ्वी उपर मुक्यो तेथी ए-
क बलवंत स्वेत कुंडली नामे पुरुष उत्पन्न थयो ते-
वोज ब्रह्मानी आज्ञा मागीने ईश्वरनी पाछल दोडयो
तेथी ईश्वर भयने पामीने नाशतो नाशतो बद्रीका-
श्रममां जईने नियमे करी विष्णुने मली कह्युं के
मने भिक्षा आपो त्यारे विष्णुए पोताना कपालमां
थी लोहीनी शीर खोलीने तेनी हेठल ईश्वरें ब्रह्मानु
मस्तक पकडयुं ते दिव्य सहस्त्र वर्ष सुधी पण रुधि-
र धाराएं भरायुं नहीं. पछीतेने इश्वरे एक आंगलीथी
लुछयुं तेवारे ब्रह्माना मस्तक कपालें एने विष्णुनी रु-
धिरधारा तथा ईश्वरनी आंगली ए त्रणेना संयोगे र-
क्तकुंडली नामे एक पुरुष उत्पन्न थयो तेवोज ईश्वर-
नी आज्ञा मागीने श्वेत कुंडलीनी साथे लडवा ला-
यक थयो पछि ते बन्नेनी लडाई थई तेमां दिव्य सहस्त्र
वर्ष वीति गयां त्यारें देवताए ते युद्धनुं निवारण
करयुं अने ते बने योद्धामांनो एकने इंद्रने आपी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दीधो ने बीजाने सूर्यने स्वाधीन करयो अने कहुं के ज्यारे भारत थाय त्यारे युद्धनी वृद्धि करवा सारु ए बनेनें तमे मनुष्य लोकमां मोकलजो त्यार पछी भारतना समये सूर्य कुंतीनु रूप लावण्य जोई मोह पामीने तेने भोगवी तेथी कुंडली नामनो पुरुष अवतरयो. पुरा मास थयाथी तेने कुंतीए कानमांथी प्रसव्यो तेनुं नाम कर्ण पाडयुं हवे जो ए पुरुष कानमांथी नीकल्यो होय तो कमंडलनी ग्रीवाथी तुं केम न नीकले?

प्रश्न० मुलदेव—अगाध जलथी भरेली गंगा नदीने हुं भुजावडे केम तरयो?

उत्तर० कंडरीक---तेनी प्रतीत थवा सारु रामायणनो वृत्तांत शांभळ. रामचद्रंनी आज्ञा वडे हनुमंत सीतानी शुद्ध लेवा जतां पोताना हाथवती समुद्रने तरीने लंका नगरीमां गयो अने सीताने जई मल्यो त्यारे सीताए रामचंद्रजीना कुशलना समाचार पुछीने कहुं के समुद्रने केम तरी आव्यो त्यारें हनुमंते जवाब आप्यो के.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्लोकः

तव प्रसादात्पवनप्रसादात् ॥
भर्तुश्चते देवितव प्रसादात् ॥
त्रिभिः प्रसादै रनुगम्ययसोयं ॥
तीर्णो मयागोष्पदवत् समुद्रः ॥ १ ॥

तमारी कृपा अने पवननी कृपा वडे तथा तमारा भर्तार श्री रामचंद्रजीनी कृपाथी ए त्रणना प्रसादथी एक पगनी पेठे हुं समुद्रने तरीने आंही आव्यों.

ए उपरथी विचार कर के भुजा वडे हनुमान आखा समुद्रने तरी गयो त्यारे तें गंगा नदीने भुजाथी तरी ए कांइ मोटी वात नथी ७

प्रश्न० मुलदेव--मैं छ महिना सुधी माथेजलधारा केम धारण करी ?

उत्तर० कंडरीक—ए पण ब्राह्मणनी श्रुतिओ ऊपरथी सिद्ध थाय छे ते शांभळ, लोकना कल्याणने अर्थे देवताओए प्रार्थना करीने गंगा-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ने कह्युं के तमे मनुष्य लोकमां पधारो त्यारें गंगाजीए कह्युं के मने आकाशमांथी पडती कोण धरी शकशे? त्यारे परमेश्वरें कह्युं के हुं धरीश, पछी तेने ईश्वरें धारण करी जो ईश्वरें दिव्य सहस्र वर्ष सुधी गंगाने धारण करी होय तो तुं माहा पुरुष गणायो छतां छ महिना सुधी जलधारा माथा ऊपर धारण करे एमां मोटाइ शांनी? ८

इति कंडरीकेनोक्तं मुलदेव प्रति प्रत्युक्तर कथानाष्ट मिदं इति श्री धूर्त्ताख्याने प्रथमाख्यानकं संपूर्णम् ॥ १ ॥

त्यारें मुलदेव कंडरीकने कहे छे.

प्रश्न० मुलदेवः—जे कांई तें दीठुं होय, तथा शांभल्युं होय, अथवा जेनो अनुभवकरयो होय ते कहे तेवारे कंडरीक बोल्यो

उत्तर० कंडरीक—हुं नानी अवस्थामां महा अविनीत तथा महा दुर्दंतहतो. तेथी माता पिताए रीश करीने मने घेरथी बाहेर कहाडी मुक्यो. हुं देशे-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देश भमतो भमतो गोमहिष अजा एलक खर करभ समाकुल पुष्प फल समृद्धिवान अनेक वनखंड शोभित एवा महा समृद्धिवाला एक गाममां गयो. तेमां मेघनिकुरंब समान एक वडनुं झाडमें दीठुं. तेनी हेठळ सप्रभाव एक कमल नामनो यक्ष छे तेनी यात्रा पूजा करवा सारुं स्नान करी, निर्मल वस्त्र पहेरी, फळ फूल धूपादिक पूजोपकरण लईने पूजतां महाजन समूहने वांछित वर दिये छे. एम जोईने हुं ते यक्षने प्रणाम करवा गयो. त्यां गामना लोक रमतांदिठां. एवामां अकस्मातसनद्ध बद्ध एने कवचवंत अनेक आयुध नाखता कलकलाट शब्द करता चोरनी धाड पडी. त्यारे हुं तथा समस्त गामना लोक, वगेरे सर्वे एक चीभडामां पेशी गीआ. त्यां सर्वे लोके खुशीथी क्रीडा करवा मांडी. गामना लोक नाशी गया एम जाणीने चोरोनी धाड पाछी फरं एटलामां त्यां एक बकरी चरती चरती आवी तेणे ते आखा चीभडांने गली लीधुं ते बकरीने एक अजगर गली गयो अजगरने एक ढीकनामनी पक्षिणी गली गई. ते उडीने एक वडना झांड उपर जई बेठी तेवामां ते वड हेठल कोई

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एक राजानुं लशकर आवी उतरीउं. तेमां राजा-नो एक मांतेलो हाथी हतो तेने ते ढीक पक्षिणी-ना पगनी साथे बांध्यो. ढीक पक्षिणीनुं पग नीचे लटकतो हतो तेथी लोके जाण्युं के आ वडवाई छे. एवा हेतुथी तेमां हाथीने बांधतांज ते पक्षिणीये पोतानुं पग उंचु करयुं. तेनी साथे हाथी पण उंचो खेंचायो. तेणे एक मोटी चीश पाडी. ते शांभलीने महावते कह्युं के, कोईक हाथीने उपाडी लईजाय छे एम बुंम पाडतो ते महावत राजा-आगळ गयो. राजाए पोताना योद्धाओने हुकम करयो के हाथीने वाळो. एवी आज्ञा थतांज हथी-आरो हाथमां लइने अनेक शब्द वेधी माणस दो-ड्या. तेमणे हथीआरोवती ते पक्षीनी पांख तथा माथुं कापी नाख्युं. त्यारे ते पंखणी जमीन ऊप-र पडी. राजाए तेनो पेट चीरवानो हुकम करयो. पेट चीरतां तेमांथी अजगर नीकल्यो. तेनुं पेट पण चीराव्युं. तेमांथी बकरी नीकळी. तेनुं पेट फडावतां तेमांथी चीभडुं नीकळयुं. तेने चीरतां ते-मांथी हुं अने गामना लोक हाथमां वांसा लइने रमता रमता नीकळी आव्या. तेमज बीजा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



केटलाएक लोक पोताना ढोरो सहित नीकळी आव्या. ते सर्वे राजाने प्रणाम करीने पोतपोताने ठेकाणे गया. ने हुं पण त्यांथी नीकल्यो ऊजेणी नगरीए तमारा पासे आव्यो.

मु० एलाषाढः--भाइ, ए सर्वे साचुं छे.

प्र० कंडरीकः--तो चीभडामां गाम आखुं केम समायुं?

मु० एलाषाढः--भाई शुं तें विष्णुपुराण शांभल्युं नथी? के अमने पुछे छे? जो न सांभल्युं होय तो सांभल. पूर्वे आ जगत पंच महाभूत रहित जल एकार्णव करी मुक्युं हतुं त्यां एक मोटुं इंडुं हतुं ते जलना तरंगोमां घणा काल भटकतो थको कोइ एक समय फाट्यो तेनां बे कटकां थयां तेमांनुं एक कटकु आ पृथ्वि थइ ने अर्धा इंडामां सर्व सुर नरादि मनुष्य चतुष्पद वगेरे समाया त्यारे चीभडामां एक गाम केम न समाय? १.

बीजुं अरण्य पर्वमां मार्कंड ऋषिए युधिष्ठिर आगल पोतानी अनुभवेली वात कही छे ते सांभल. मार्कंड ऋषि युगना अंतमां जल एकार्णव समय

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्व जगतनी साथे हुं ते कल्लोलमां भटकतो थको त्रस थावर सुर नरादिक सर्वने बूडतो मुंकीने ते समुंद्रमां एक मेरु समान ऊंचुंवडनुं झाड दीठुं, तेनी शाखाऊपर जई बेठो. त्यां एक महा स्वरुपवान बाळक दीठो तेने ऋषिए कहुं के, हे वत्स ! तुं आ पाणीमां तणाइ जशे माटे मारा हाथने झाल. एम कहीने ऋषिए पोतानो हाथ लांबो कर्यो. ते हाथने पकडीने ते बाळक मार्कंड ऋषिने गळी गयो, तेणे बाळकना पेटमां पर्वतो तथा वनो वगेरे सहित पृथ्वी दीठी.तेमां दिव्य सहस्त्र वर्ष सुधी फरतां छतां ते बाळकना पेटनो पार पाम्यो नही. पछी ते ऋषि बाहेर नीकल्यो, ए उपरथी सिद्ध थाय छे के; ज्यारे बाळकना पेटमां सुरासुररूप आखुं जगत् समायुं त्यारे चीभडामां एक गाम केम न समाय?

प्र० कंदरीकः--ठीक पंखणीना पेटमां अजगर, तेना पेटमां बकरी, तेनां पेटमां चीभडुं, तेमां ते लोक ए सर्व केम समाया ?

उ० एलाषाढः—तेनो समाधान आवी रीते छे ते सांभळ;-मूठमां आवे एवा देवकीजीना ऊदरना

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मध्य भागमां श्रीकृष्ण रह्यो. तेना पेटमां अनेक पर्वतों तथा वनो, सहित आखी पृथ्वी रही. ते जो साचुं होय तो ठीक. पंखणीना पेटमां अजगर रह्यो ते खोटुं केम कहेवाय ? ३

प्र० कंदरीक—चीभडा प्रमुखमां रहेलो हुं अने मारी साथेना लोको ए सर्व मुवा केम नहीं?

उ०एलाषाढ---जे पृथ्वी ऊपर ऋषिओना व्यापार युद्धादिकना आरंभ, व्यवहारादिक ऊत्सव, वगेरे छतां ते पृथ्वी कृष्णना पेटमां जीवती केम रही? जोए वात साची होय तो तुं अने गामना लोको केम जीवता न रहे? ४

प्र० कंदरीक—कृष्णनां पेटमां जगत् केम समायो हसे ?

उ०एलाषाढ—तेनो ऊत्तर शांभळ--पूर्वे ब्रह्मा अने विष्णुनो पोतामां विवाद थयो. तेवारे ब्रह्मा कहेवा लाग्योके. मारा मुखथी, बाहुथी, ऊरस्थळथी तथा पादथी अनुक्रमे चार वर्णनी ऊत्पत्ति थई. तेथी हुंज जगतनो कर्त्ता छुं.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्यारे कृष्ण क्रोध चडावीने कठण वचनोवडे कहेवा लाग्यो के, तुं मारो चेटक छे. रे मूर्ख! तने बोलतां कांई लाज आवती नथी? जे मुखमां आकाश अने भुमी गाळछे, पर्वत दाढाछे, समुद्र जिव्हाछे एवा मारा मुखमां तुं पेशीने सर्व जगतने जो तो तने देखाशे. तुंतो मारा नाभीना कमलमांथी उत्पन्न थयेलोछे ते मारीपासे एम बोले ए सारुं लागतुं नथी. ए उदाहरणथी समजी लेवुं. ५

जस्सपभावेणउल्लिआइं ॥
तंचेवकहकेयरग्घाइ ॥
कुमुआइं अन्नसंभाविआइं ॥
चंदंउवहसंति ॥

प्र०कंदरीक—एवा मोटा आकारनी ढीक पखणी कोइए शांभळीछे? के जेना पेटमां अजगरादिक सर्व समाई गया, एनो उत्तर आपो.

उ०एलाषाढ—भाई द्रौपदीना स्वयंवर मंडपमांनां धनुष्यमां पर्वत, अग्नि समाया हता ते वात शुं तें शांभळी नथी? जो न शांभळी होय तो शांभळ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



द्रौपद राजाए उद्घोषणा करावी के, मारो देवता धिष्टित धनुष्य चडावे, अने राधावेध करे. ते राजा द्रौपदीने परणे. एवुं शांभळीने त्यां अनेक राजा महा बलवंत आव्या.अने धनुष्य चढावतां पडवामांड्या पछी शिशुपाळ धनुष्य चढाववाने उठयो: तेवारे श्रीकृष्णे ते धनुष्य उपर मेरुपर्वत, गरुड, हळमुसळ, सर्प, शंख, चक्र अने गदा, एटलानो भार मुक्यो. तोय पण ते बलीष्ठपणाथी धनुष्यने चढावा लाग्यो, त्यारे श्रीकृष्णे चंद्र, सूर्य, अग्नि, समुद्र, पर्वत तथा पृथ्वि-नो भार तेनां उपर मुक्यो. तोयपण धनुष्य आरोपतां अर्धांगुळ असंधीत रह्यो तेवारे धनुष्यने श्रीकृष्णे पोताना पगे करीने ठेल्युं एटले शीशुपाळ धनुष्य सहीत पृथ्विउपर पडयो, पछी ते धनुष्य अर्जुने लिधुं त्यारे तेनो भार पृथ्विथी पण सहन थयो नही माटे भीमनां हाथ उपर भार मुंकीने अर्जुने मीचुं जोई कांनशुधी धनुष्य लई बांण खेचीने मच्छवेध कर्या अने द्रौपदीने परण्या. हवे वीचारो के ते धनुष्य एवो मोटो हतो जेने वीशे पर्वत आदि सर्वे समाया. तो ढीक पक्षणीनां ऊदरमां अजगर आदि समाय एमां ते शुं आश्चर्यनी वात छे. ६

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वळी एक रामायणनु दृष्टांत कहुं छुं ते सांभळ. रावण जेवारे सीतानुं हरण करीने चाल्यो, तेवारे जटायु नामनो पक्षी तेनी सामे युद्ध करवा लाग्यो, रावणे चंद्रहास खड्गे करी ते जटायु पक्षीनी पांखो छेदी, तेथी ते जटायु पक्षी पृथिव ऊपर पड्यो ते वखते सीताजीए ते पक्षीने एवी अवस्थामां जोइने कहुं के हे पक्षी ! तारी पाखोनुं छेदन थयुं, पण मारा शीयळ व्रतनां प्रतापथी कहुंछुंके तुंने रामचंद्रजीनां दुतनां दरसण थशे, तेवखते तारी गएली पांखो पाछी आवशे. ते पछी केटलाएक दीवसे रामचंद्रनी आज्ञाथी सीतानी सुद्ध लेवासारु हनुमंत फरतो फरतो जटायु पक्षीनी नजीक आव्यो, अने वीचारवा लाग्यो के, आ कोई मोटो पर्वत देखायछे, माटे एनी ऊपर चडीने जोऊं तो सर्वे पृथिवमंडळ देखासे. एवुं चिंतवन करीने हनुमंत ते पर्वतपासे गयो तेवारे हनुमंतनुं मन वीचारमां पेठो के आ तो कोई पक्षी छे, पर्वत नथी तेटलामां जटायुए तेने पूछयुं के तमे कोणछो ने क्यांथी आव्यो, त्यारे हनुमंतें कहुं के हुं रामचंद्रनो दुत छुं अने सीताजीनी शोध करवासारु नीकल्यो छुं. पछी जटायु बोल्यो के सीताजीने तो रावण लंका न-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गरीमां लइगयो अने तुं फोगट अरण्यमां फरेछे, माटे तुं ऊतावळथी जइने रामचंद्रने समाचार आप अने मारीपण पांखो रावणे सीतानीसारु युद्ध करतां छेदीने मने पृथिव ऊपर नाख्यो छे.

एवुं सांभळीने हनुमंते जटायु प्रते कह्युं के, तें रावण साथे युद्ध कर्युं ने मने सीतानां समाचार पण कह्या तेथी तारुं भलुं थाओ. एवुं हनुमंतनु वचन सांभळतांज जटायु पक्षीने पोतानी गएली पांखो पाछी प्राप्त थई. अने आकास मार्गे ऊडीने स्वर्गेगयो. माटे जटायु पक्षी पर्वत जेवो मोटो हतो, तो ढीक पक्षणी मोटी केम न होय ? ७

प्र० कंदरीकः--ऊपर कह्या प्रमाणे एलाषाढे ऊत्तर आप्यो. ते सांभळी कंडरीक केहेवालाग्यो.

हे एलाषाढ! हवे तें जे अनुभव्युं, दीठुं अने सांभल्युं होय ते तुं कहे.

उ० एलाषाढः--हुं यौवन अवस्थामां, धनने लोभे धातुविदांदीक व्यसनने लीधे करीने, जगतमां धननी आसाए बील्ल पर्वतादी स्थानको मांहि, जंत्रमंत्र

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अने जे ठेकाणे धातु होय तेवे ठेकाणे धननी आशाए भमतां भमतां, शोध करतां मने एवी खबर मळी के पूर्व दिशा ऊपर एक हजार जोजननो पर्वत छे अने ते ठेकाणे सहस्र वेधी रसनुं एक कील्लछे, अने ते एक जोजननी शिलाथी ढांकेलुंछे: ते शिला ऊपाडीने ते स्वर्ण कुंडमांथी रस लेवो; पछी हुं एक सोसोजोजन प्रमाणे पृथ्विने क्रमे क्रमे ओलंगीने, ते पर्वत ऊपर जइने ते शिला ऊपाडीने स्वर्ण कुंडमांथी रस लीधो; अने ते स्वर्ण कुंड पाछो तेज शिलाथी जेम हतो तेम ढांकीने मारे घेर आव्यो, अने ते रसनां योगे करीने घणुएक स्वर्ण ऊपजावीने कुबेर समान धनवान थयो; त्यार पछी हुं मोटा भोग भोगवतो याचक लोकने दान देतो, अने दुनीयामां घणोज प्रसिद्ध थयो, एवी मारी ऋद्धिने प्रसिद्धि सांभळीने अकस्मात मध्यरात्रे पांचसो चोर मारुं घर लूटवा लाग्या ते वखते मारा मनमां एवो वीचार ऊत्पन्न थयो के, हुं जीवते छतां माहारुं धन ए चोर लोकोनें हाथ केम जवादउं. एवुं चिंतवीने साहसीकपणुं आदरी सस्त्र लइने युद्ध करतां, एक एक बांणनां प्रहारथी करीने में दस दस चोरने मारया, ते देखीने जेम जेम किंकर एकठा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थाय तेम सर्वे चोर एकठा थई क्रोध करीने माहारी ऊपर तुटी पड्या; अने मारा माथानां कटकेकटका करीने पासे एक बोरडीनुं झाड हतुं तेमां मारामाथांने बांधी मारुं घरबार लूंटीने चोरलोको जतारह्या; पछी ते कुंडळसहीत मारुं माथुं बोरडीना बोर खावा लाग्युं, अने जेवारे प्रभाते सूर्योदय थयो ते वखते मारा माथाने बोरखातुं जोइ जीवतुं जाणी लोकोए लीधुं, एने बीजां सर्व मारा अंगोपांग मेळवीने ते उपरे माथाने मुक्युं, पछी हुं पाछो जेवो पुर्वे हतो, तेथी वीशेश निरुपम रुपलावण्ये करीने विराजमान थयो. ए माहारुं प्रत्यक्ष अनुभवेलुं छे. माटे जो ए वात नमांनो तो सर्वधूर्तने भोजन आपो, ने जो खरुं मांनो तो सास्त्रनी साखे मेळनी आपो.

उ० सस—हे एलाषाढ, तें जे कहुं ते सर्वे खरुंज छे. एमां कांई खोटुं नथी; कारण पुराण, स्मृति, भारत, रामायणादिक ग्रंथोनेविषे एवी घणी वातो छे.

प्र० एलाषाढ—त्यारे मारो मुवेलो मस्तक शजीव केम थयो.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उ० सस—पुर्वे यमदग्नी नामनो ऋषि हतो, तेनी रेणुका नामनी स्त्री हती, एने ते स्त्रीना सियळना महिमाथी कुसुमित वृक्ष नमतां हतां, तेवामां कोई राजा अश्व उपर बेसीने नीकल्यो एने ते राजा रेणुकाने देखीने तेनां मनमां अभीलाष उत्पन्न थयो, पछी केटलेक दीवसे शीळ भंग थवाने लीधे वृक्षने अणनमतां देखी यमदग्नी ऋषियें, पोतानां पुत्र परशुरामने कह्युं के एपापिणी रेणुकानुं मस्तक छेदीनांख.परशुरामे पितानी आज्ञाए करीने पोतानी माता रणुकानुं मस्तक छेदी नाख्युं; पछी यमदग्नीये पोतानां पुत्रने आज्ञाकारी जांणीने ते उपर संतोष थई कह्नुं के हे पुत्र, कांई वर माग, तुं जे मागे ते हुं आपुं; त्यारे पुत्रे एवुं मांग्यु के हे पिताजी! मारी माताजीने पाछी संजीवन करो; तेवारे यमदग्नी ऋषिये कह्नुं तथास्तु एवुं कहेतावारने रेणुका पाछी तत्काळ जीवती थई. हवे तुं वीचार कर के, ए वात जो सत्यछे तो तुं जीवतो थयो ते असत्य केम कहेवाय? १

वळी बीजो द्रष्टांत कहुंछुं ते तुं सांभळ, पुर्वे जरासंध राजा कृष्ण संगाते युद्ध करतां पोताना शरीरनां बे

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भाग थया, ते बेउ भागो पाछा पोतानी मेले संघाई ने फरीथी युद्धमां लडता हतां, तो तुं पाछो जीवतो थयो एमां शी नवाइछे. २

वळी एक त्रीजो द्रष्टांत कहुंछुं के सुंद अने निशुंद नाम नां बे दैतो सहोदर हता, ते सर्वलोकोनो क्षय करवाने वास्ते काल जेवा थैने ऊठ्या, तेवारे सर्व देवताओए, तेनो वध करवाने अर्थे पोतानां शरिरनो तील तील जेटलो भाग लइने, तेने एकठो करीने सर्वांग सुंदराकार रूपलावण्यनुं निधान एवी एक तिलोत्तमा नामनी अपसरा नीपजावी. पछी ते अपसरा सर्व देवताओने प्रणाम करीने केहेवालागी के, मने जे हुकम फरमावो ते हुं करवाने तईयारछुं. त्यारे देवताओए कहुं के, शुंद एने निशुंद नामनां बे दैतो छे तेनो नाश कर. पछी तिलोत्तमा ते दैतो पासे जईने कटाक्षयुक्त हावभाव, विभ्रंम, वीलास देखाडती नाचवा लागी; तेनां रूप उपर मोहित थईने विष्यांध थई बेउ दैतो पोत पोतामां शस्त्रें करी वढीने मरण पाम्या.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्लोक

स्त्रीणांकृतेभ्रातृयुगस्यभेदः॥
संबंधभेदेस्त्रियएवमूलं ॥
अप्राप्तकामाबहवोनरेन्द्रा ॥
नारीभिरुछेदितराजवंशाः ॥ १ ॥

हवे सर्वदेवे मळीने तिल तिल भागनी अपसरा उत्पन्न करी, तो तारां छेदेला अंगापांग मेळव्यां तेथी तुं केम नहि नीपजे. ३

वळी एक द्रष्टांत कहुंछुं ते सांभळ के, पवननो पुत्र हनुमंत ते बाल अवस्थामां पोतानी माता अंजनीने पुछवा लाग्यो के, हे मातुश्री, हुं भुख्यो थाऊं तो सुं खाउं? तेवारे अंजनी बोली के, हे पुत्र ! राता वनफल खाजे; त्यार पछे कोईक वेळांये हनुमंते उगतो सूर्य देखीने जांणे रक्त वनफळछे; ते लईने खाउं, एवुं वीचारी तेने ग्रह्यो, ते वारे तेणे तलनां प्रहारथी हनमंतनुं सतखंड चुर्ण कर्यु ते हनमंतनी माता अंजनी जोईने विलाप करवा लागी, त्यारे पवने पानीते

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्त्रीने विलाप करती जोईने पुछवाथी पोताना पुत्रने परलोके गयानां समाचार जांणी, पवन कोपायमान थईने पाताळमां पेसीरह्यो, पछीपवनने नीरोधे देवताओ तथा सर्व जक्तवासी जीव अती आकुळ व्याकुळ थईने मरण पामवा लाग्या, पछी सर्व देवो पाताळमां जईने पवनने मनावी लाव्या; अने चुर्णीत सर्व अंगोपांग एकठाकरी हनुमंतने जीवतो कर्यो, अने सर्व ठेकाणे सांधता एक हनुनो अंस जड्यो नहीं. तेथी एक हनुए रहित छे, माटे तेनुं नाम हनुमंत पाड्यो. हवे जो पवनना पुत्रने चूर्ण कर्यो, ने ते पाछो जीवतो थयो ते सत्यछे, तो तें कहुं जे हुं जीवतो थयो तो ते पण सतज छे. ४

वळी एक उदाहरण कहुंछुं ते सांभळ. राम अने रावणनो माहा युद्ध थयो, ते वखते रावणना शुभटे खड्ग बाणादी प्रहारे करीने, अनेक वानरोना अंग छेद्यां अने लक्षमणने रावणे शक्ती बाणनां प्रहारे करीने भुमी उपर पाड्यो, तेथी रामचंद्रे शोकातुर थईने विलाप करवा मांड्यो, ते वखते हनुमंतें

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



द्रोणपर्वत उपरथी विसल्या औषधी लावीने, लक्ष्मणने शक्ति बांण लाग्यु हतुं ते काढयुं; त्यारे, छेदांग वानराओ जीवतां थयां ए साचुं छे तो तें जे कहुं ते पण साचुंछे. ९

तथा हे मित्र एलासाढ ! तें शुं स्कंधनी ऊत्पत्ती सांभळी नथी? एतो घणा ग्रंथोमां प्रसीद्ध वातछे जो तें नही सांभळी होय तो सांभळ कहुंछु, एक वखत हिमाचल पर्वतनी गुंफामां पार्वती संगाथे ईश्वरने संभोग करतां देवताइ हजार वर्ष वहि गयां, अने ते वखते देवताओने तारक नामना दैते बहुज ऊपद्रव करवा मांडयो पछी सर्वे देवतांओ तारक दैत्यने मारवानो उपाय चिंतववा लाग्या, जे इश्वरनां वीर्य विना बीजो कोइ तारक दैत्यने मारी सकनार नथी;अने इश्वरनी पासे अग्नी सिवाय बीजो कोइ पण जइने केहेवा लाग्या के, अनर्थनां करनारा दैत्यनो नाश करवोछे; माटेहे उपकारी पुरुष ! तुं देवताओना समुदाय उपर आ वखते उपकार कर, कारण के. सर्वे देवताओ हालमां चितारुपी समुद्रमां बुडेलाछे, माटे तारा शिवाय बीजुं कोइ पण उगारवाने समर्थ नथी, माटे तुं गुंफा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घरमा जईने, ईश्वरने पोतानुं दरसण आप तो कदाचीत तुने देखीने ईश्वर संभोग क्रीडा मुकी देसे; एवुं देवताओये कह्युं, त्यारे अग्नी बोल्यो, के हे देवताओ! ईश्वर जो बीजी अवस्थामां होय तो पण ईश्वरनी समक्ष कोईनाथी जवाय नही, त्यारे हमणा ईश्वर संभोगी अवस्थामांछे; तो तेनीपांसे सीरीते जवाय. कारण के, षटवांगधारी, सूलपाणी, नर्कपाळधारी, समसानवासी, एवो जे ईश्वर, तेनी सनमुख पोतानुं अमंगळीकपणो वांछतो कोण जाय घणुं शुं कहुं जे ईश्वर, घणा जणनां देखतां. लिंगोत्थांन करीने नाचे, एने तेनाथी ईंद्र सारिखानेपण बीक लागे तो मारी शी गुजास. एने जो कदापी ईश्वर कोपायमान थाय तो मारी शी गती थाय, ते माटे हे देवताओ! मने आसंकटमां नाखसो नही; तेवारे इंद्रे अग्नीने कह्युं, के. हे अग्नी! तुं ईश्वरथी बीहीतो नही. केमके, ए पार्वतीने वशछे जे पुरुष कोईथी दमाय नही तेने स्त्री एक दीवसमां दमवाने समर्थ छे माटे जो पार्वती ईश्वरने एकार्य करवाने कहे तोपण ईश्वर ते करछे. सुं तें ईश्वरनी अर्धांग्ना जे पार्वती तेनाथी बीहतो

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जोयो नथी; ते माटे संका मुकीने तुं ईश्वरनी पासे जा, एने कदाच जो ईश्वर तारा उपर रुठसे तो पार्वतीनुं मन राखवा सारु तुने कोइ प्रकारनो उपद्रव करसे नही. एवुं इंद्रनु वचन सांभळी अग्नी हीमाचल पर्वतनी गुफामां गयो, त्यां ईश्वरने तेणे संभोगासक्त दीठो, तेवारे इश्वर अग्नीने पोताना संभोगमां अंतराय करवा आवेलो जोइने, तेने मारवा उठयो ते देखीने तेने पार्वतीए वार्यो पछी इश्वरे अग्नीने पुछयुं के तुं कोणछे ? त्यारे अग्नी बोल्यो हुं भीक्षुक ब्राह्मणछुं, अने भीक्षा मागवा आव्यो छुं, त्यारे इश्वरे कह्युं के मारा वीर्यनु पान कर, एवुं कही ईश्वरे पोतानु वीर्य अग्नीने प्रशन करवा आप्युं. पछी अग्नीए ते पीधु ते वीर्यना तापथी करीने अग्नी दाझवा लाग्यो एने महा कष्टवान थयो, तेथी ते वीर्य समुद्रमा जईने वमन करी नाख्यु, ते दीवसथी जगतमां एवी प्रसिद्धी चाली के, सर्व रत्न समुद्रमां वीर्यथी उत्पन्न थयांछे; पछी अग्नीना उदरमां कंइक वीर्यनो अंस बाकी रह्यो, ते अंसने जइने पद्म सरोवरमां वमन करी नाख्यो, ते वखते ते सरोवरमां कृत्तीका नामनी छ अपत्सराओ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्नान करती हती, तेनी योनीमां जईने ते वीर्य पडयुं तेथी ते अप्सराओने गर्भ रह्यो. अने कालांतरे, मस्तक, बाहु, हृदय, केड, शरीर, चरण, ए छ अंगनेक्रमे करीने एकेकी अप्सरायें प्रसव्या, पछी ते सर्व अपत्सराओ आश्चर्य पांमी ने, ते छ अंगोने मांहोमांहे यथास्थानके जोड्यां ते परानीपेठे मळीगयां, ते वखते षट मुखधारी स्कंद एटले कारतिकस्वामी उत्पन्न थया, तेणे युद्ध करीने तारक दैत्यने हराव्यो; हवे जो के जुदी जुदी स्त्रीओना उदरना उत्पन्न थयेला अंगो मळीने एक स्कंद उत्पन्न थयुं, ए वातमां जो संदेह नथी, तो तें जे वात कही तेमां स्यो संदेह छे. ? ॥ ६ ॥

प्र०एलाषाढ,—तें जे शरीर मेळव्यानु कह्युं ते तो ठीकज छे, पण मारुं छेदेलुं मस्तक बोरडीनां बोर केम खाई सकतुं हतुं ? ते शास्त्रनी शांखे मेलवी आपो.

उ०सस,–राहुनुं माथुं वीष्णुएं चक्रे करीने छेद्युं, ते आकाशमां फरेछे अने सूर्य तथा चंद्रने



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



असेछे, जो ए सत्यछे तो तारुं छेदेलुं माथुं बो-
रडीना बोर खाय, ए केम असत्य होय. ?॥ ७ ॥

प्रश्न० एलाषाढ,–में मारगमां चालतां एकेक दगले सो सो जोजन भूमी केम ओलंगी?

उ० सस, विष्णुएं यज्ञनेविषे बळीराज पासेथी त्रण डगला भरीने पृथ्वि मांगी, त्यारे विष्णुएं त्रण डगलामां कानन सहित सर्व पृथ्वि अति क्रमी, जो ए सत्य छे तो, तुं एक डगलामां सो जोजन भूमी केम ओलंगी न जाय. ?॥ ८ ॥

प्र० एलाषाढ,—हे मित्र! में एवी मोटी जोजन प्रमाणनी सिल्या सीरीतें उपाडी? ते सास्त्रनी साखे प्रतीत उपजावो.

उतर० सस—राम अने रावणनां युद्धमां शक्ती बाणना प्रहारे लक्ष्मण मुर्छा पांमीने पृथ्वि उपर पडयो, त्यारे हनुमंते विसल्या औषधीने सारु मूळसहित द्रोण पर्वत उपाडी आण्यो,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो अनेक माहासिल्याओ सहित एवो जे द्रोण पर्वत ते हनुमंते उपाडयो, तो तुं एक जोजन प्रमाणनी सिल्या केम न ऊपाडे,? तथा लोकमां एवुं संभळायछे के पृथिव वधवा मांडी. त्यारे विष्णुएं वराह रूप धरीने पृथिवने दाढ उपर ऊपाडी ए सत्य छे; तो तें जे सिल्या उपाडी ते पण सत्य छे. ॥ ९ ॥

इति धूर्ताआख्याने तृतियमाख्यानकं.

प्रश्न०एलाषाढ,—हे मीत्र सस, हवे तें जे अनुभव्युं दीठुं होय ते कहे ?

उत्तर०सस,—हुं सरद ऋतुमां एक गामथी बाहेर दूर पर्वतनीपासे एक खेतर हतुं त्यां गयो, ते वेलाएं एक मदोन्मत्त हाथी पर्वत उपरथी नीचे उतरीने मने मारवा दोडयो, हुं नासवानुं ठांम जोतो जोतो एक अती मोटो तिल वृक्ष देखीने ते वृक्ष उपर चडयो, पछी हाथीएं मने हेठो पाडवा सारु बारंवार ते तिल वृक्षने धंधोळवा मांडयुं, तेथी करीने तिलनां अनेक ढगलाओ ते वृक्ष उपरथी,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हेठे खरी पड्या; अने तेनी उपर हाथीना भम-वाथी ते ढगलाओ यंत्रनी परे पीलाईगीआं तेथी त्यां तेलनी एक मोटी नदी वहेवा लागी. अने अतीसे कादव थयो, ते कादवनी चीकाशमां हाथी खुची गयो, पछी चीस पाडतो भुख अने त्रषानी पीडाथी हाथी मर्ण पाम्यो. पछी हुं ते हाथीने मुएलो जांणीने ते झाड उपरथी हेठें उतर्यो, अने ते हाथीनुं चर्म उतारीने तेनो मोटो एक दडो कर्यो अने दस घडा तेलना भरीने पीधा, तथा एक भार तिलनो खड खाईन फरी ते दडो तेलथी भरीने मारी खांधे ऊपाडी गामनी बाहेर एक मारगमां वृक्षनी शाखायें वळगाडीने घेर आव्यो पछी में मारा छोकराने नीसानी आपीने ते दडो लेवासारुं वृक्ष पासे मोकल्यो; अने तेणे त्यां दडो दीठो नही, पछी वृक्षने मारा छोकराएं हाथीनीपरे मूळसहीत उखेडीने सर्वलोक देखतां ते दडो लई घेर आव्यो पछे हुं त्यांथी परबारो तमारापाशे आव्यो. ए वात में पोतें प्रत्यक्ष अनुभवी छे. माटे जो न मानो तो सर्वधूर्तने भोजन आपो. अने मानो तो शास्त्रनी शांखे मेळवी आपो. ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उत्तर० खंरूपाना,—हे मीत्र, तें जे कह्युं ते शास्त्रे भारत रामायणादिक ग्रंथोसाथे मळतुं छे माटे खरुं छे खोटुं नथी.

प्रश्न०सस,—हे सर्व धूर्त शिरोमणी बाई जो ए मारी कहेली वात खरी छे एम तमे कहोछो, तो तिलनो जाड एवो मोटो केम होय? जेनाथी तेलनी मोटी नदी वहेवामांडी तथा दश घडा तेलना केम पीवाय? तथा भारप्रमाण खोल केम खवाय? ए सर्व शास्त्रनी शाखे मेळवी आपो.

उत्तर० खंरूपाना,—भारतमांहे हाथीओना मदजर्णथी नदीओ चालीछे तेमां अनेक गज रथ घोडा अने पायदल तणाइ गयां, माटे जुओ के गजना मद जर्णथी नदी वही तो तेलनी नदी केम न वहे? १

तथा भीमें बकराक्षसने मार्यो त्यारे तेने खावाने अर्थे एक महीष तथा शोलखांडी अन्न एक हजार घडा मद्यना आण्या हता ते सर्व भीमे आरोग्या ए वात सत्यछे तो तुं दश घडा तेल केम न पीये? तथा एक भार खड केम न खाय? ॥ २ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा कुंभकर्ण उंघी ऊठया पछी एक हजार घडा मद्यनां पांन करतो तथा अनेक मनुष्य अने पशुना भक्षण करतो, तो तमे दश घडा तेल पीधुं तथा एक भार खड खाधु ते केम न मनाय.? ॥ ३ ॥

तथा अगस्त ऋषीएं समुद्र पीधो अने स्वर्गथी उतरी माहादेवना जटाजुटथी वेहतीथकी गंगानदी जह्नु ऋषीने आश्रमे गइ ने ऋषीये तेनो पान करी ने एक हजार वर्षसुधी उदरमां राखी तेथी गंगानो नामपण जान्हवी थयुं. जो ए वातो खरी छे तो तुं तेलना दश घडा पीयेते केम खोटुं कहेवाय.? ॥ ४ ॥

प्रश्न० सस,—में मोटो हाथीना चामडानो दडो शीरीते उपाडयो तेपण कदापी कष्टें उपडायो पण एकले गांममां केम आण्यो.?

उत्तर० खंम्पाना,—अरेभाइ शश तें शुं गरुड आख्यान सांभल्युं नथी जे मने पुछेछे जो न सांभली-उं होय तो सांभळ कस्यपऋषीनी १ कद्रु २ विनता ए बे स्त्रीयोएं कोइ समे रमत करतां होड कीधी जे

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आपणे बेहुमांथी जे जीते तेने घेर हारनारी दाशी-थइ रहे पछे रमतां थका विनता हारी गइ. अने कद्रु-जीती तेथी ते विनता कद्रुने घेर दाशी थइ रही.

पछे शोक्य ने वेरेकद्रुएं विनताने घणो दुख दे-वा मांड्यो. एम घणोकाळ शुधी दासपणो करतां विनता गर्भवंती थइ. पछे त्रण इंदा प्रसव्यां ते-माथी तुरत पोतानुं दाशपणो टालवाने एक इंदु भेघुं तेमांथी विछी नीकल्या. वळी केटले काल बीजो इंदु भेघुं तेमाथी जंघा रहीत पूत्र नीसर्यो तेणे कह्युं जे हेमाता तमे पेलो इंदु काचु भेघु अने बीजु पण पुरुं पाक्याविना भेघुं माटे हुं अधुरो ज न्मयो तेथी तारो दाशपणो टल्यो नही. हवे त्रीजो इंदु पालजे तेथी तारा मनोर्थ पुरां थशे. पछे केटले का-ले स्वभावें त्रीजुं इंदु भेदायुं तेमांथी शर्प कुलनो काल माहाबलवंत एवो गरुडपक्षी प्रगटयो ते बाल-पणे रमतो कद्रुना बेटा शर्पने नीत्य मारे पछे शर्व शर्प कद्रु आगल जइ रोवा लागा तेथी कद्रु विनि-ताने ओलंभो देवालागी अने कहेवालागी जे हे दाश-डी तुंतारा गुरुडने वार नही तो तु दुखपामीश एम शांभली विनता दुख धरती रोवालागी ते देखी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरुडे रोवानो कारण पुछयो पछे माताएं शर्व दाश-पणानो वृत्तांत शंभलावीने कह्युं के बद्रीकाश्रमे अंध ताहरो पिता वशेछे ते अमृतना ठाम जाणे छे ते माटे तेने पुछ. एवुं मातानुं वचन शांभली गरुड पिताने पाशे जइ पगे लाग्यो. पिताएंस्पर्शे पुत्रने ओलख्यो. पछे गरुड कहेवालागो हे पीताजी हुं भुख्योछुं शुं खाउं ? तेवारे कस्यप ऋषीये कह्युं इहांपाशे एक मोटो पद्मशरोवर छे तेहां बारजो-जनना शरीरवालो एक हाथी छे तथा तेटलोज मोटो एक कांचबो छे ते बेहु पोतपोतामां वढवाड करे छे तेमने जइने खाजे. भुख्यो रहीश नही. पछे गरुड त्यां जइ ते बेहुनो भक्ष करी पाछो फरता मार्गमां अनेक पक्षीनो निवाश एवो मोटो वट वृक्ष दीठो तेना नीचे ब्रह्माना विर्यथी उपना वालीखील्य नामे शाडात्रण क्रोड ऋषीयो तप त-पेछे ते वृक्ष उपर बेठो पोताना शरीरने भारे कड-कडतो वडभांग्यो पछी गुरुडे जोयु रखे ऋषी चंपा-इ जाये एम चिंतवी ते वडने चांचे उपाडीने आका-शने ढांकतो शर्व देव दानवने चांचे चमत्कार उप-जावतो शमुंद्रना बेटविचे मुक्यो ते वटवृक्षे अलंकृत

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भूमीनो नाम लोकें लंका दीधुं. पछे ते लंका रावण-
नी राजधानी थइ फरी गरुडे आवी पीताने पुछयुं
हे तातजी! भुख्यो छुं शुं खाउं ऋषीये कह्युं शर्व
राक्षशने खाइजा तेशर्व राक्षसने खाइ गरुडे पीताने
अमृतनों ठाम पुछीउं ऋषीएं कह्युं हे वत्स! पाता-
ळने नीचे धगधगायमान अग्नि शरव दिसे विट्यो
शरव शुराशुरनी रखवालथी रहेलुं एवो अमृतनो
कुंद छे त्यांथी कोइ अमृतलइशके नहीं पण अनेक
मधु घृत जल आपी अग्निने शंतुष्ट करेतो कुंदमाहे
जवा आपे अने तेमांथी अमृत लेवाय तेने पण आंई
लावतां अनेक विघ्न उपजे एवो ऋषीनुं वचन शां-
भली,पोतानी बे पांखे मधुघृत तथा जल धारण करी
पातालमां जइ अग्नीने शंतोषी पछे अग्नीएं देखा-
ड्या अमृतना कुंदमाथी अमृत लइचाल्यो रशता-
मां कुंदरक्षक देवताओएं उद्घोषणा करी जे कोइ
पक्षी अमृत लइजायछे ते शांभली शर्वे देवदानव
क्षोभ पाम्याथका पोतपोताना स्थानकथी मुदगर
मुशल शक्ति हल खड्ग दंडादीक शस्त्र लइ तेनी
पाछल दोड्यां. अने हणो हणो छेदोछेदो एवो पो-
कार करता गरुडने कहेवा लाग्या अरे पापी अमृ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तना चोर तुं क्यांथी जइश एवुं शांभली गरुडे तेमनी शाथे मोटो युद्ध करी चारे दिशे पोतानी पांखोने प्रहारे गणा देव दाणवने यमने घेर पोंचाड्यां एम थोडी वारमां शर्व देवतानां शाथने नाशतो जाणी इंद्रे जवाला शस्त्र जलजलतुं वज्र गुरुडने मारवा मुकीऊं ते पण गुरुडना शरीरे अफळाइ हेठो पड्यो पछे ए वज्र गुरुडने कांइ लागु नथी एवु शरव देवताने जाण करवा माटे ते वज्रने गुरुडे पोतानी चांचमां धरी राख्यु पछे गुरुडथी बीहीनो शक्रो इंद्र बीष्णु पासे गयो विष्णु पण कोपांध थयो थको बार शुर्यना तेज जेटलो तेजछे जेमां एवो चक्र लइ गरुडने मारवा दोड्यो पछी शनीश्वरादीक ग्रह तथा सर्व ऋषीयोएं जइ विष्णुने विन्ती करी जे हे स्वामी तमे सर्व व्यापी छो शर्व भुवनना नाथ छो माटे तमो विचार कर्याविना कोप करो ते सारुं नही कारण ए गरुडो तारो बंधुछे माटे क्रोध मुकीयो ने म्लेछनी परे गोत्रनो क्षय मकरो एवा ग्रह तथा ऋषीयोना वचन सांभलीने सांन्त थयेला श्रीक्रष्णे गुरुड शाथे मेलाप करीउं पछे गुरुडे घेर जइ अमृत आपी पोतानी मातानु दासपणुं टाल्यु जो गुरुडे वटवृक्ष उपाड्यो ने

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बीजे ठेकाणे मुक्यो तो हे शश तुं दडो उपाडीने गाममां केम न आणे.? एमां कांइ अशंभव नथी. १

तथा श्रीकृष्णे शात दीवश गोवरधन पर्वत उपाडयो तो तुं तेलथी भरेलो दडो शावाशते न उपाडे ? ॥ २ ॥

वली शमुद्रमा शेतुबांधती वखते वानराओएं अनेकयोजनथी वृक्ष उखेडी आणया तो तारो छोकरो वृक्ष उखेडी नाखे तेमा शुं आश्चर्य जाणवो. ३

वली अशोकवनमां हनुमान नामना वानरायें अनेक अशोक वृक्ष उखेडी नाख्या जो एवातो शत्यछे तो तारो पुत्र वृक्ष उखेडी नाखे. एमा शी मोटाइ जाणवी. ॥ ४ ॥

## इति धुर्तआख्याने चतुर्थमाख्यानकं

प्रश्न०शस-- हे खंडपाना, हवे तमे जे अनुभव्युं होये ते कहो ?

उत्तर०खंडपाना——तमे सर्वे मारे पगे लागो तो हुं सर्वने भोजन आपुं.

शस——भोजनने वास्ते अमे मोटा पुरुष तारा आगल दीनथइ पगे केम लागीएं. ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खंडपाना—( हसीने ) में जे अनुभव्युं ते सां॰ भलो. हुं यौवन समयमां रूप लावण्यनु निधान हती. कोइक समये हुं रुतुवंती छतां मंडपमां सूती हती त्यां पवन मारुं लावण्य जोइने विस्मय पामी मने भोगवी. केटलेक कालें पुत्र आव्यो ते जन्मती वखते मारीसाथें वातकरी जतो रह्यो. ए में अनु- भव्युंछे जो असत्य कहोतो सर्वने भोजन आपो जो सत्य कहोतो सात्रनी सांखे मेलवी आपो.

मूलदेव—कुंताने पवने भोगव्याथी भीमनामे पुत्र थयो. तथा अंजनाने पवने भोगवी तेथी हनु॰ मंत पुत्र थयो. ए जो पुराणनी वात सत्य छे तो पवने भोगव्याथी तुं पुत्रवती थइ ए पण सत्य छे.

खंमपाना—ते पुत्र मारीसाथे आलाप संलाप करीने तरत केम जतो रह्यो ?

मूलदेव—पाराशर ऋषीएं योजनगंधा ( जेना शरीरनो दुर्गंध एक योजन सुधी जाय एवी ) माछण भोगवी तेथी व्यासनामे पुत्र जनम्यो. तणे जनम

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समये माताने कह्युं के मुझने अवसरे संभारजो, एम कही तत्काल वनमां गयो. पछी ऋषीनां प्रभावें योजन गंधा अक्षत योनी थइ. तेने सांतनु राजाएं भोगवी तेथी विचित्रवीर्य नामे पुत्र थयो. ते विचित्रवीर्य अपुत्रिक मरण पाम्यो पछे वंशनो विच्छेद थाय छे एवुं योजनगंधाएं विचारीने पोताना पुत्र व्यासने संभार्यो थको ते वनथी आव्यो तेने माताएं कह्युं हे पुत्र वंशनो उद्धार करो. पछी विचित्रवीर्यनी स्त्रीथी व्यासनां प्रभावें पांडु, धृतराष्ट्र, ए बे पुत्र थया ने विचित्रवीर्यनी दासी एटले भोग स्त्री तेनाथी विदुर उत्पन्न थयो. जो व्यास जन्मतांज वनमां जतो रह्यो तो तारो पुत्र जन्मतांज अदृश्य थइ गयो एवात कोंण न मांने.?

खंडपाना—मारी उमांनामे सखी हती तणीएं मने देवदानव आकर्षवानी विद्या आपी तेथी में सूर्यने आकर्षी आण्यो तेनी साथे में संभोगसुख भोगव्या तेथी हुं केम बळी न गइ?

कंदरीक—कुंतीएं सूर्यने भोगवी ते नहीं बळी तो तुं केम बळे?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खंडपाना—एक वखतें में अग्नीने आकर्षी ते-नीसाथे संभोग कर्यो तेथी मने महातेजवंत पुत्र थयो. पण हुं बली नही ते केम ए शास्त्रनी सांखे मेलवी आपो. ?

एलाषाढ—कोइ एक समये यमनी स्त्री धुर्मोणा होम आपवा वास्ते होम सालामा गइ हती ते-वारे ते अग्निसाथे क्रीडा करवा लागी त्यां अ-कस्मात् यमने आवतो देखी भयभ्रांत थइने धुर्मोणाएंपाणीनी परें संभोगपूरोथयाविनाज अ-ग्निने पेटमाहें उतार्यो यमपण स्थिलोपांग तथा स्थिल कटीमेषला इत्यादि लक्षणे स्त्रीने सापराध जाणीने उदरमां गली देव सभाएं गयो तिहां देवताओएं हांसी करी पुछीएं जे तमने त्रणेने सुख छे तेवारे यंमना मुखथी उदरने मार्गे धु-र्मोणा नीकली तथा उदरथी मुखने मार्गे अग्नि निकल्यो ते वनमां नाशी गयो यम तेनी पछ-वाडे दोड्यो वनमां जइने हाथीने अग्नी आव्या-ना समाचार पुछया पण हाथीएं कांइ जवाब दीधो नही तेथी यमे हाथीनी वाचा छेदी नां-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्त्रीने यम पोताने ठेकाणे आव्यो हवे जे यमनी स्त्रीने अग्नीएं भोगवी तेथी ते स्त्री बली नही. तो [तुं अग्नी साथे भोगभोगवतां केम बले.? (५)

खंरुपाना—में एक वखत इंद्रने आकर्षीने इंद्रसाथे भोगभोगव्यो तेथी इंद्रसमान पुत्र आव्यो जुओके अपच्छराने मुकीने मने इंद्रे भोगवी ए वात केम संभवे. ?

सस०—गौतम ऋषीनी स्त्री अहिल्याने इंद्रे भोगवी ते वात गौतम ऋषीएं जाण्याथी इंद्रने श्राप आपी सहस्त्रभंग करी इंद्रना छात्रोने आप्यो पछे ते छात्र कामज्वरे पीडयाथका इंद्रनें घणोज कष्ट देवा लागा पछे सर्व देवताओएं गौतम ऋषीने विनंती करी इंद्रने मुकाव्यो अने सहस्त्रभंगने ठेकाणे हजार लोचन थयां वली इंद्रे कुंतीने भोगवी तेथी माहा धनुर्धर अरजुन नामे पुत्र आव्यो जो अहिल्या तथा कुंतीने इंद्रे भोगवी तो ताराजेवी सरुपवान् स्त्रीने इंद्र सा वास्ते न भोगवे. ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खंडपाना—तमे माहारुं नांम ठांम गोत्र अने मायावीपणो जाणोछो के नथी जाणता.?

मूलदेव—पाटलीपुर नगरे गौतम गोत्री नागसर्मा नामे ब्राह्मणनी पुत्री नागश्रीनी कुखे तुं ऊपनी छो अने खंडपाना तारुं नाम जगत्र प्रसीद्ध छे.

खंडपाना—माहारुं नागश्रीनी पुत्रीनी सरिखुरूप देखीने तमने संसय उपजेछे पण हुं तेनी पुत्री नही. हुंतो राजाना रजकनी दग्धिकानामे बेटीछउं माहारुं घेर राजाना मंदिरनीपरे धनधान्ये करी संकीर्णछे अने हुं हजार मजुरनी साथे राजाना अंतःपुरना वस्त्र धोवानो धंधोकरतीहती कोइसमे हुं बस्त्रनी पोठभरी एक हजार मजुरोनी साथे धोवा गइ हती तिहां ते मजुरोएं सर्व वस्त्र धोइ तापमां सुकवबासारु मुक्यां एटलामां मोटो तोफानी वायरो लागो तेथी सर्व वस्त्र उडीगयां पछे में मारा सर्व मजुरोने कह्युं जे तमाराथी जिहां जवाय तिहा नाशी जाओ कांइ चिंता करसोमां

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राजा जे कहेसे ते हुं पोतें सहन करीस पछी हुं गोहनु रुप धारण करी रात्रें नगरना उद्याने क्रीडा करती थकी रही प्रभातें विचार्युं जे रखे कोई गोह जाणीने मने मारी नाखे माटे आम्रलतानो रुपधरी असोकनां झाडमां वलगी रही पछी न्यायवंत राजाएं पवने हराणा वस्त्रनी वात जाणीने पडहो वजडाव्यो जे अहो रजको जे जिहां गया होय ते तिहांथी पाछा पोताने घेर आवो तमो सर्वने अभय छे ते वात सांभली सर्व रजक घेर आव्या हुं पण आम्रलतापणो मुकी मूल स्त्रीनुं रुप धारण करी घेर आवी पछे माहारो पीता नदीने कांठे ते वस्त्रोनी पोठ लेवा गयो तिहां वाघर सर्व श्रंगाले खाधा एवुं जाणी वनमाहें वाघर जोवा सारुं भमता भमता एक ऊंदरनुं पुछडुं लाधु तेहना अनेक मोटा वाघर नीपजावी हरष सहीत माहारो पीता घेर आव्यो ए वात खरी छे के खोटी छे ?

सस०—ब्रह्मा विष्णु जेनो पारपाम्या नही एहवो मोटो ईश्वरनुं लिंग हतु तो ऊंदरनु पूंछडु मोटुं केम न संभवे तथा हनुमंतनो पूंछडो सास्त्रमां घणो मोटो संभलाय छे कारणके जेथी आखी लंका



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विटाणी तथा अग्नीएं बाली जो हनुमंतनो पूछडुं मोटुं हतु तो उंदरनु पूंछडुं मोटु केम न होय?

तथा पुराणमांहे सांभल्युंछे के गंधारीकाबर राजा अरण्यमां मनुष्यपणो मुकी कुरुप कुद्रुम थयो पूर्वे ते नधुष राजा हतो अने युद्ध करतां इंद्रने जित्यो त्यारे इंद्रने अपमान थयुं जाणी बृहस्पतिएं तेने श्राप दीधो तेथी जंगलमां अजगर थयो एटलामां राजथी भ्रष्ट थयेला पांचे पांडवो तिहां अरण्यमां आव्या तेमांथी एक भीम भमतो भमतो अजगर पासे गयो तेने अजगरे गल्यो ते वात सांभली युधिष्ठिर ते अजगरपासे गयो तेवारे अजगरे युधिष्ठिरने सात प्रश्न पुछ्या तेना उतर युधिष्ठिरे आप्या पछी ते अजगरे भीमने पाछो वमन कीधो अनेपोते पण अजगरपणुं मुकी पाछो नधुष राजा थयो जो ए वात खरी छे तो तुं गोह तथा आम्रलतापणाने धारण करीने वलि पाछी स्त्रि सावास्ते न थाय? ॥ ३ ॥

प्रश्न—खंडपाना बोली, हे धूर्त राजाओ जो तमे सर्वे माहारूं वचन प्रमाण करो तो हुं सर्वने भोजन आपुं अने कदाचित् हुं तमने मारी बुद्धिथी हरावीश तो पछी तमे जगतमां एक कोडीमात्र मुलना थशो.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उत्तर—सर्वधूर्त बोल्या, हे खंडपाना, अमने बृहस्पति तथा विष्णु पण जीती शके नही तो तुं स्त्रि मात्र केम जीतीश ?

प्र० खंडपाना—तिवारे हवे तमाशो जुओ हुं हमणां तमोने हरावुं छुं एम कही प्रश्न बोली जे वायुएं अपहर्यां ते राजानां वस्त्र तेने जोवाने हुं राजाना हुकमथी निकली तथा पूर्वे घणाकालनां मारा चार दास नाशी गया हता तेनी तथा वस्त्रोनी शोध करती पृथ्वीमां भमती भमती हुं इहां आवीने तमोने ओलख्या जे मारा नाशी गयला चार दास ते तमेजछो अने वस्त्रपण तमेज लइ गया छो जो ए वात न मानो तो सर्व महाजनने भोजन आपो अने जो सत्य मानो तो तमे वस्त्रचोर तथा माहरा दास छो.

उ०—सर्वधूर्त लज्जायमान थया अने विषवाद पामता बेहुरीते उत्तर आपवाने असमर्थ थका दिन थइ कहेवा लाग्या जे हे खंडपाना, ताराथी अधिक बुद्धिवंत जगतमां कोई नही जेणे अमारा जेवा माहा धूर्त माहाबुद्धिवंतने जीत्या माटे हवे सात दिवसना वरसाद थकी भुख्या सर्व धूर्तने भोजन करावो.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एम सर्व धूर्तोंनां वचन सांभली खंडपाना हर्ष-पामी थकी सर्वने भोजन देवामाटे महा बीहामणां स्मशांनमां जई कोईनो तत्कालनो मुकेलो मरण पामेलो बालक लइ तेने नवरावीने ऊज्जे-णी नगरीमां कोई श्रीमंतने घेरगई तिहां जेहनो अनेक व्यापारे व्यग्रचित थयलोछे एवो घरनो धणी आसनपर बेठेलो दीठो तेहनी पासेजई दीन थई कहेवा लागी जे अहोशेठ हुं दरिद्री ब्राह्मणनी स्त्रिछुं, अनाथ छुं अशरण छुं तारी पासे आ मारा बाळकने पालवासारू धन मांगवा आवी छुं एम वारंवार तेने कहेवा लागी अने ते व्यापारीनो चित व्यग्र हतो, माटे सेवकने कह्युं ए रांडने घरथी बाहेर काढो तेथी ते सेवके तेने घरथी बाहेर काढवामांडी तेवारे ते कपट करीने पृथ्वि उपरपडी घणो आक्रंद करती उठी अने रोतीथकी मोटे सादे पोकार करवा लागी अरे लोको जुओ आ दुष्ट व्यापारीएं धनना गर्वे आंघलो थइने हुं अनाथ निराधारनो पुत्र मार्यो मने आशा हती जे आ पुत्र मोटो थशे पछी हुं मारासर्व मनोरथ संपूर्ण करीश ते मारी आशा रूपणीवेल आ पापी शेठें जंगली हाथीनी परे मूलथी छेदी नांखी एवी रीते विलाप करती केस छुटा मुकी छाती कुटती

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थकी तथा पृथिवियें आलोटती थकी एवी शेठे जोइने पोताना मनमां भय पाम्यो पछी विचार्युं जे में मारा सेवकने हुकम कीधो जे एने घेरथी बाहेरकाढो पण एथी एनो पुत्र मरण पाम्यो मोटो उत्पात थयो जो एवात राजा सांभलशे तो मने दंड करशे एम विचारीने शेठ पोताना परिवार सहित दीन थइने ते धूर्तणी ने मनाववा लागो अने कहेवा लागो जे हे बहेन, जे भव्यतव्यता हती ते थइ हवे विलाप कीधे शुं थाय ताहारे द्रव्य जोइये ते हुं आपु एमकही पोतानी रत्न जडीत मुद्रीका हती ते धूर्तणीने आपी अने समखवरावी कह्युं जे राजापासे वात करवी नही पछी ते धूर्तणी मुद्रीका लइ उद्याने आवी सर्व धूर्तोने मुद्रिका देखाडी बजारमां जइ वेची तेना पैसा उत्पन्न करीने सर्व धूर्तने भोजन कराव्युं सर्व संतोष पाम्या इति संपूर्ण.

## त्रण माहा मूर्खोनो दृष्टांत.

मुर्ख पहेलो—मारे गेर चंगीने निरंगी नामे बे स्त्रीयो छे ते मने गणुं सुख आपे छे, एक दीवश हुं पथारीमां सूतो सूतो उंघी ग्यो, एटलामां बन्ने स्त्रीओ आवी मारे डाबे तेम जमणे पडखे सूइ गई अने मारो अक्केको हाथ लइ पोत पोतानी

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छातीउपर राख्यो ते वखते मारा घरमां दीवो बळतो हतो तेमांनी वाट उंदर आवी खेंचीने चालतो थयो अने बरोबर मारा उपर उंचे अधर रही, डाबी आंख उपर ते बळती वाट नांखी त्यारे में विचार्युं के, हाथेथी ते वाट दुर करूं हवे जो डाबो हाथ-तेआंथी खसेडुं तो रंगीने गुसो चडे अने जो जमणुं खसेडुं तो चंगी गुसे थइ माथुं फोडे, पछी में विचार्युं के मारी आंख जाय तो भले, पण स्त्रीनो स्नेह तुटे नहीं तो सारूं, एम वीचारी जेमनो तेम रह्याथी मारी डाबी आंख बळी गई तेथी मारूं नांम शुक्रराज पड्युं एवी रीते मात्र स्त्रीनां स्नेहनी खातर में मारी आंख खोई माटे मारी महा मूरखाइनो तमो बुद्धीवंत वीचार करो. त्यारे बीजो मुर्ख कहेवा लाग्यो के, मारी मूर्खाइनी पण वात सांभळजो ? मारे पण खरी अने रीछडी नामे बे स्त्रीओ हती में मारो जमणो पग खरीने अने डाबो पग रीछडीने सोंपयो हतो एवी रीते हुं हमेशां सुख भोगवतो कारण के सत्री साथे हमेशां कांम तो होयज हवे एक दीवश हुं ज्यारे घेर ग्यो त्यारे खरी पाणी लइने मारो जमणो पग धोवा लागी अने रीछडी ते नजर राखीने जोवा लागी. हवे खरी जमणो पग

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थोई गई एटले ते पग में डाबा पगउपर मुक्यो ते जोई रीछडीए गुसे थइने मारा जमणा पग उपर शांबेलांनो छुटो घा कर्यो एवी रीते मारो जमणो पग भांग्यो त्यारे खरी क्रोधायमान थइ रीछडीने गाळो देवालागी के तुं मोटी फुवड छे तने अदेखाई तथा घणो अहंकार छे तुं धणीने बीलकुल पत करती नथी वळी रात्रे तो बीजा पुरुषने भोगवे छे त्यारे रीछडी कहेवा लागी के तमारी पण घणी ॱ खराब टेवो छे. तेनो तो पेहेलां त्याग करो? पछी ने कहो वळी तुं हमेशां चारे चोवटे खुली रीते मे छे अने ते वात आखुं शेहेर पण जाणे छे आ ापणो धणी तो बीचारो गाय जेवो छे बीजो होय ो नाक कान कापी नांखे ते शांभळीने क्रोध चढआथी मोटुं सांबेलु लावी तेणीए मारा डाबा पग उपर मारीने ते पण भांगी नांख्यो. मारो पग तें भांग्यो तो तारो पग में भांग्यो एम आपण बनेनुं साटुं वळ्युं ए प्रकारे कही तेओ तो आनंद पामी हवे मारा जेवो महा मूरख, के, गमार, आदुनीआमां सोध्यो पण मळवो मुशकेल छे. पछी त्रीजो ुरख बोलवा लाग्यो के, हे बुधीवंत शेठ! मारा समा-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न वली कोईपण मूर्ख आ दुनियामां मळशे नही. एक दीवश अमे स्त्री भरतार बन्ने जणां एक पथारीमां सुतां हता त्यां अमो बेऊ वच्चे एवी शरत थई के, जे पेहेलां बोले ते सुगंधी घीमांझबोली, तथा शाकर मेळवीने दश पोली जमाडे एवी शरतथी अमो बन्ने मौनपणे रह्या एटलामां अमारा गरमां खातर पाडवाने चोर आव्या भींतमां खातर पाडी घरमां पेशी तेयोएं सघळा गरेणां वस्त्र मोती सोनामोहोरो वीगेरे खुब माल लीधो चोरो चोरी जाय छे. तो पण मात्र शरतने खातर अमो बने मांथी. एके बोल्या नह त्यारे चोरो मारी स्त्रीनां आंग उपरथी दागीन कह्हाडवा लाग्या तेयारे स्त्री बोली उठी हे स्वामि आपणुं शघळुं द्रव्य चोर चोरी गया ते शांभळतांज में ताळी दई कह्युं के बस तुं शरत हारी गई माटे आजे घी शाकरथी भरपुर पोळी तमें आपो एवी रीते चोरो तो शघळुं द्रव्य चोरी गया अने तेथी लोकोमां पण शरमावुं पडयुं अने मारुं नाम मोटो मुर्ख पाडयुं.

॥ इतिधूर्तआख्यानसमाप्तः ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only